सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૩ ફેબ્રુઆરી - ૨૦૦૪ અંક ૪

વાલીઓને ....

## એક જાહેર અપીલ

ગ્રામવિસ્તારના ગરીબ વિદ્યાર્થીઓને કપડાં અને પુસ્તકો જેવી અનિવાર્ય જરૂરીયાત ઉપરાંત પહેરવા માટે બૂટ-ચંપલ હોતા નથી. આવા બાળકો શાળામાં ભણતા થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

આપણી શાળાએ ભૂતકાળમાં ચીન - ભારતના યુધ્ધ વખતે અતિવૃષ્ટિને કારણે ધોલેરા જેવા વિસ્તારોમાં કપડા પહોંચાડીને તેમજ સ્ટેટ બેંકના સેવાભાવી કાર્યકરોના અનુરોધથી ગામડાના વિદ્યાર્થીઓને કપડાં પહોંચાડવા જેવી સુવિધા માટે પ્રયત્નો કરેલા અને તેના ઉષ્માભર્યા પ્રતિભાવ મળેલા. અન્યને મદદ કરવાની ભાવનાથી બાળક ખૂબ આનંદ પામે છે તે દરેક પ્રસંગોએ જોવા મળ્યું.

નવું સત્ર શરૂ થાય ત્યારે ઘણા વિદ્યાર્થીઓ જૂના ગણવેશ કાઢીને નવા ગણવેશમાં આવતા હોય છે. આવા જૂના ગણવેશ , તેમના ગયા વર્ષના પુસ્તકો, જે નોટો કોરી રહી ગઈ હોય તે નોટો, બૂટ-ચંપલ, સ્વેટર જેવી જૂની વસ્તુઓ આ બાળકોને પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો આપણે કરીએ તો શિક્ષણનો વ્યાપ વધારવામાં પણ આપણે ફાળો આપીએ છીએ તેવો ભાવ પેદા થાય. આ બધું કરવું ફરજીયાત નથી પરંતુ મરજીયાત રીતે વાલીઓ આ પ્રમાણે વસ્તુ આપવા માંગતા હોય તો તે શાળામાં એપ્રિલ માસની પહેલીથી સ્વીકારવામાં આવશે. કપડાં ઈસ્ત્રીવાળા કરાવીને આપીએ તો વધારે સારું પરંતુ કમસેકમ સ્વચ્છ ધોયેલા અને ગડીવાળા તો હોય જ તે જોવા વિનંતી. હવે જે કોઈ વસ્તુઓ આવા જરૂરીયાતવાળા બાળકોને આપવાની ઈચ્છા હોય તેવા વાલીઓને આ માટે બાળકોને પ્રોત્સાહિત કરવા મારો અનુરોધ છે. ગામડાની આંગણવાડીની અંદર આવતા બાળકો પાસે રમકડાં હોતા જ નથી. આવા જૂના રમકડાં કે જેનો ઉપયોગ ન થતો હોય તેવા રમકડાં આપ જો શાળામાં પહોંચાડશો તો તે નાના બાળકો માટે ખૂબ જ ઉપકારક અને આનંદદાયક બનશે તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય. આપનો સહકાર મને મળશે તેવો વિશ્વાસ છે.

આ બધા કામો સાહજીક રીતે થઈ શકે તેમ છે, તે વસ્તુનું પણ કેટલું મહત્વ છે તે માટે રામાયણનો એક સુંદર પ્રસંગ છે જ્યારે સેતુબંધ રામેશ્વરનો પુલ બંધાતો હતો ત્યારે વાનરો મોટા પથ્થર વગેરે લાવીને પુલ બાંધવાનું કામ કરતાં હતા ત્યારે એક ખિસકોલી પાણીમાં જઈને પાછી રેતીમાં આવીને પાણીમાં ફરી જઈ પોતાને પુલ બાંધવાની સેવા કર્યાનો આનંદ, તેને આવતો હતો. પૂ.રામે આદરપૂર્વક આ વસ્તુ જોઈ તેનાં શરીર પર હાથ ફેરવ્યો જેની શુભનિશાની આજે પણ છે. કદાચ આ માત્ર દંતકથા હોય પણ જે કાંઈ સારું કામ થઈ શકે તે કરવાની પ્રેરણા આપે તેવો પ્રસંગ છે. આ પાવક પ્રસંગ યાદ કરીને વિરમું છું.

કનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો
## ધનુષકોડીનું સમુદ્રસ્નાન

આજથી પચાસેક વર્ષ પહેલાં જ્યારે જ્યારે દક્ષિણનો પ્રવાસ ગોઠવાતો ત્યારે રામેશ્વર, મદુરાઈ સાથે ધનુષકોડી અવશ્ય રાખવામાં આવતું.

એ જમાનામાં સીલોન એટલે કે આજનું શ્રીલંકાનું શીપ ધનુષકોડી થી ઉપડતું.૧૯૫૬માં શ્રીલંકાનો પ્રવાસ તો ગોઠવાયો પરંતુ દક્ષિણમાં એ વર્ષે જઈ ન શકાયું કારણકે ફ્લ્યુનો એપીડેમીક એ વખતે ફેલાયો હતો એટલે પ્રવાસના સ્થળો બદલવા પડયા હતા. ત્યાર પછી જ્યારે જ્યારે ત્રણ-ચાર વખત શ્રીલંકા ગયા છીએ ત્યારે રામેશ્વરથી ઉપડતા શીપમાં શ્રીલંકા જવાનું થયું.

રામેશ્વર જતા શીપમાં જવાનું કારણ પાછળ એક ભયંકર ખુવારીનો પ્રસંગ બનેલો છે.

આમતો, ધનુષકોડીનો સમુદ્રપટ એટલે તમે, સ્ટેશનથી એકાદ કિ.મી. જાવ એટલે રેતીનો વિશાળપટ અને તમારી નજર ૧૮૦ ડિગ્રી કરતા પણ વધારે વિસ્તારમાં નજર ફરતી હોય તો કયાંય જમીન ન દેખાય. સમુદ્ર પણ એટલો શાંત કે તમે જાણે કોઈક તળાવ પાસે ઉભા હો એટલું શાંત પાણી નજરે ચડે. પાણીમાં દાખલ થયા પછી એક દોઢ કિ.મી. જાવ તો પણ ખભાથી ઉંચુંપાણી હોય જ નહી. સમુદ્રતટ ઉપર નાળિયેરીના પાન તેમજ સ્થાનિક ચટાઈ વગેરેથી બાંધેલા અનેક ઝૂંપડાઓ જેમાં લીલા નાળિયેર, પુજાપાનો સામાન, શ્રીફળ વગેરે પુજાપાની વસ્તુઓ વેચાતી હોય. ત્યાંની સ્થાનિક કારીગરીની વસ્તુઓ, શંખલા, નાળિયેરના કાચલામાંથી બનાવેલી વિવિધ રમકડાંની ચીજો, બહેનો માટે નાહીને કપડાં બદલવાની સગવડ પણ આ બધા ઝૂંપડાઓમાં હોય. ચંપલ, કપડાં સાચવી રાખવાનું નજીવું મહેનતાણું લઈને તેવી સેવાઓ પણ ત્યાંથી મળતી. લોકો અત્યંત ભાવપૂર્વક સમુદ્રપૂજન કરે અને ભાવુક થઈને સ્નાન કરે. અનેક દંપતિઓ આ રીતે સ્નાન કરતા. સવારથી સાંજ સુધી આ સમુદ્રપટ અનેક લોકોથી ઉભરાયેલો હોય. દક્ષિણના દરેક પ્રવાસમાં આ સમુદ્રસ્નાનની અમે ઉત્કંઠાથી રાહ જોતા હોઈએ. સમુદ્રમાં ૪-૫ કિ.મી. દૂર શ્રીલંકા જતું શીપ ઉભું હોય અને તે શીપમાં બેસીને શ્રીલંકા જવાનું સ્વપ્ન માણતા હોઈએ.

પછીના વર્ષોમાં જ્યારે શ્રીલંકા જવાનું બન્યું ત્યારે રામેશ્વરથી જે શીપ ઉપડતું તે સમયે શક્ય બન્યું. કારણકે ધનુષકોડી ઉપરથી એક ભયંકર વાવાઝોડું પસાર થયેલું. ધનુષકોડીને જોડતો પુલ, ધનુષકોડીનું સ્ટેશન, ત્યાંના મકાનો બધું જ આ વાવાઝોડું સમુદ્રમાં લઈ ગયું. અને જે શાંત સમુદ્ર હંમેશા જોયો હતો તે જગ્યાએ ભયંકર વાવાઝોડાના સમાચારો છાપામાં વાંચીને કુદરત કેવા ખેલ ખેલે છે તે જોયું.

આ વાવાઝોડું આવ્યા પછી ફરીથી ધનુષકોડી સ્ટેશન તો ઉભું થયું પરંતુ ફરીથી કયારેય ધનુષકોડી જવાનું બન્યું નથી.

કનુભાઈ દવે
ના વંદન

## શિસ્ત જીવનનો જરૂરી પાઠ

"અરે નંદિત ! આમ આવ તો .. કેમ આજે બુટ મોજાં નથી પહેર્યાં ? તને ખબર નથી કે શાળાનાં ગણવેશમાં સફેદ મોજાં અને સફેદ ટેનીસ શુઝ ફરજીયાત છે ? "

"હા બેન ! મને ખબર છે પણ બેન ! મારા બુટ ફાટી ગયા છે એટલે મમ્મી કહે કે 'જા ચાલશે... બીજા કેટલાય આમ પહેરીને આવે છે' અને એટલે હું પણ બીજા ચંપલ પહેરીને આવ્યો."

નંદિતની મમ્મીનો આ જવાબ સાંભળી મને ઘેરો આઘાત લાગ્યો. વર્ષની શરૂઆતમાં પ્રગતિપત્રકનાં છેલ્લા પાને શાળાનાં સામાન્ય નિયમો છાપીને માબાપને તેની જાણ કરવામાં આવે છે એની નીચે એમની સહી કરવામાં આવે છે જેથી અમને ખાત્રી થાય કે માબાપે એ નિયમો વાંચ્યા છે, એ સમજ્યાં છે અને વર્ષ દરમ્યાન એનું ગંભીરપણે પાલન કરશે જ, પણ એ વાતને હજી તો માંડ મહીનો ય થયો ન હોય અને છોકરાંઓની ગેરશિસ્ત ચાલુ થઈ જાય. નજરે ચઢે અને કારણ પૂછીએ તો અધ્ધર જવાબો મળે. 'પગે વાગ્યું છે, બૂટ ધોયાં છે સૂકાયાં નથી, મોજાં લાવવાના રહી ગયાં છે, પેલો છોકરો તો એવી રીતે આવ્યો છે એને કેમ કશું કરતાં નથી ?' બચાવ માટે દલીલોનો તે કંઈ તોટો હોય છે ? નિયમનો ભંગ કરીને ય તેમાંથી બહાર કેવી રીતે નીકળી જવું એ જ્યારે માબાપ શોધતાં હોય ત્યારે એ માબાપને શિસ્ત શિખવવા માટે મારે આગ્રહ , ક્યારેક હઠાગ્રહ રાખવો જ પડે છે. એ એક દુઃખદ હકીકત છે.

શનીવાર અને રવીવાર, બે રજામાં બુટ કે મોજાં ખરીદવાનો પણ સમય માબાપ ન કાઢી શકે એ કેવી રીતે માની શકાય ! આજે તો બાટાની દુકાનો ઠેર ઠેર બધાંજ વિસ્તારોમાં છે. એ સમયનાં અભાવ કરતાંય માબાપની તેમનાં સંતાન પ્રત્યેની જાગૃતિ કે ફરજ તરફની બેદરકારી, ઉદાસીનતા સિવાય કંઈ જ નથી, વિદ્યાર્થીને આવા પ્રસંગે વર્ગમાંથી બહાર બેસાડવો પડે. માબાપ બીજાં બૂટ મોજાં લઈને આવે પછી જ વર્ગમાં મોકલવાનો હઠાગ્રહ કરવો પડે એ ખરેખર ગમતું નથી, તેમાંય જ્યારે માબાપ કહે છે 'પેલો છોકરો તો એવી રીતે આવે છે કેમ એને કશું કહેતાં નથી ? ' ત્યારે મને ખરેખર એ વાલીની મનોવૃત્તિ પર કરૂણા ઉપજે છે, 'કોઈ કૂવામાં પડે એટલે પોતાના દીકરાને પણ કૂવામાં પડવા દેવાની' આ કેવી મનોવૃત્તિ ! અનુકરણ સારાનું કરવાનું હોય કે ખોટું કરે તેનું ! આવા માબાપો તેમના સંતાનો પ્રત્યેની ફરજમાં આટલી બધી ઉદાસીનતા ધરાવે તે જાણી ખૂબ દુઃખ થાય છે, તેમનાં બાળકનું તેઓ શું ઘડતર કરશે ? ના છૂટકે એમને તથા એમના બાળકને મારે શિસ્તનાં પાઠ ભણાવવા માટે 'બુટ મોજાં લઈને આવો પછી વર્ગમાં બેસવા દઈશ' એવું કહેવાની ફરજ પડે છે.

હું હંમેશા કહેતી આવી છું કે બાળક પરીક્ષામાં કદાચ ઓછાં માર્કસ્ લાવશે તો ચાલશે પણ શિસ્ત અને ઘડતરની બાબતમાં તો ક્યાંય બાંધછોડ ન જ ચલાવી લેવાય. બાળક મોટું થતાં દુનિયામાં ક્યાંય જઈને ઉભું રહે તો એના માર્કસ્‌ની સાથે સાથે તેનું વર્તન, તેનામાં શિસ્ત, તેનું ઘડતર એ બધું જ તેને આંકવામાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓના હિત માટે જ જે નિયમો શાળાએ નક્કી કર્યા હોય તેની અવગણના કેવી રીતે કરાય ? વર્ષગાંઠને દિવસે ગણવેશમુક્તિ નથી છતાં તેવા કપડાં પહેરાવી બાળકને માબાપ મોકલે છે ત્યારે એ વર્ષગાંઠને દિવસે જ બાળકને નિયમભંગ માટે બે શબ્દ કહેતાં ખૂબ દુઃખ થાય છે,શાળામાં પ્રતિબંધ છતાં બાળકોને ક્યારેક અમારી જાણ બહાર ચોકલેટો વહેંચી દેવાય છે. બાળક નાદાન છે, નિર્દોષ છે પણ માબાપ પણ નાદાન બને તે કેમ ચાલે! સોમવારે લાંબા મજાનાં વાળ પણ છૂટાં લઈને આવતી કેટકેટલી છોકરીઓને ટોકવી પડે છે ? 'બેન ! વાળ ધોયા છે સૂકાયા નહોતા'... વાળ રવીવારે ન ધોવાય ? ખુલ્લા વાળમાં રેતી ન ભરાય ? શાળામાં છોકરાઓમાં પણ વાળ કપાવવામાં ટી.વી. કે જાહેરખબરોનો ચેપ લાગુ પડયો છે તે પણ દુઃખદ હકીકત છે. શું માબાપ તેમનાં એ સંતાનોમાં સમજાવટથી સંસ્કારનું ઘડતર ન કરી શકે ! ટી.વી. અને ચલચિત્રોનાં ચાળે ચઢતી આ નવી પેઢીને જીવનનાં મૂલ્યો તરફ જાગૃત કરવાનો, નાનપણથી કેટલીક છીત અછીત ઉભી કરવાનો હવે સમય પાકી ગયો છે પણ તે માટે સૌ પ્રથમ તો માબાપે જ જીવનમાં શિસ્તનું પાલન કરતાં અને જીવનનાં મૂલ્યો અપનાવતાં શીખવું પડશે. કશું જ ચલાવી ન શકાય, 'ચાલશે' શબ્દને જીવનમાંથી તિલાંજલી આપવી જ પડશે તો જ નવી પેઢીમાં શિસ્ત આવશે, તેમનું જીવન સંસ્કારી અને સુસંસ્કૃત બનશે.

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

બાલવાડીમાં ડિસેમ્બરમાં સૌથી નાની ટુકડીનું આગમન થયું છે. બાળકોને હવે બાલવાડીમાં ખૂબ રસ પડવા માંડયો છે. પ્રવૃત્તિમય બનીને સાધનો પર રસપૂર્વક રમતા થયાં છે.

બાળકોમાં સામાજીક અને આરોગ્ય અંગેની જાગૃતિ કેળવાય, સમજ કેળવાય તે માટે તા.૨૪-૧-૦૩ને બુધવારે તાલીમના બાળકો પાસે વટાણા ફોલાવી, કોથમીર ચુંટાવી, શાકભાજી ક્રશ કરાવી તેમની જ મદદ લઈને ભાજીપાંઉ બનાવ્યાં અને તેની ઉજાણી કરી. બાળકોને આ પ્રવૃત્તિમાં ખૂબ મઝા આવી.

તા.૨૯-૧૨-૦૩ સોમવારે અને ૯-૧-૦૪ને બુધવારે બાળકોને ખોરાકમાં કાચા શાકભાજીનું મહત્વ સમજાવી નાસ્તામાં તાજા શાકભાજીનાં કચૂંબર અને સૂપ પીરસ્યાં હતાં.

ઉત્તરાયણના તહેવાર નિમિત્તે બાળકો પાસે રંગબેરંગી પતંગો બનાવી ઉત્તરાયણના ચાર્ટ દ્વારા ઉત્તરાયણના તહેવારની સમજ આપી હતી.

તા.૧૭-૧-૦૪ને શનીવારે તાલીમના બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી.બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો. આવા કાર્યક્રમો યોજવા પાછળનો હેતુ બાળકમાં ચારિત્ર્ય ઘડતર થાય, તેમનાં વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય અને તેમનામાં અભિનય શક્તિ અને અભિવ્યક્તિ ખીલે તે હોય છે. બાળકો એમની આસપાસની દુનિયાનું સૂક્ષ્મ અવલોકન કરે છે તેનું અનુકરણ કરે છે આ બધી જ શક્તિ આવા કાર્યક્રમો દ્વારા પ્રતિબિંબિત થાય છે. પિતૃભક્ત શ્રવણ, સ્વામી વિવેકાનંદ, ડુગડુગિયાંવાળી, યોગેશ્વર ભગવાન, સ્વામીજી વિગેરે પાત્રો બાળકોએ ખૂબ સરસ રીતે રજૂ કર્યા. નિર્ણાયક તરીકે કો-ઓર્ડિનેટર શ્રી ઊર્મિલાબેન શાહ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થિની તથા વાલીશ્રી નેહા લવિંગિયાએ સેવા આપી.

તા.૧૧-૨-૦૪ને બુધવારે તાલીમના બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી. બાળકોએ રંગ અને રેખાથી સુંદર ચિત્રો દોર્યા. વિજેતા બાળકોને બિરુદ આપી અભિનંદન આપવામાં આવ્યા.

શિવરાત્રીનાં તહેવાર નિમિત્તે શિવ ભગવાનની વાર્તા બાળકોને સમૂહમાં કહી, તેનું નાટક ભજવ્યું. બાળકોને એ તહેવારની પૂરી સમજ આપી.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**ટેબલ ડેકોરેશન સ્પર્ધા : તા.૧૯-૧-૦૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | શીલ ફોજદાર | ( રત્નદીપ ) |
| દ્વિતીય | એકતા મહેતા | ( ધવલગિરિ ) |
| | હર્નીશા પરીખ | ( ધવલગિરિ ) |
| તૃતીય | દેવાંશી પંડયા | ( ગંગોત્રી ) |
| | અનુશ્રી જોષી | ( ગંગોત્રી ) |
| | પ્રીત આચાર્ય | ( મેઘનાદ ) |

**સલાડ સ્પર્ધા : તા.૧૯-૧-૦૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | પરીશા દલાલ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | શીખા શાહ | ( ધવલગિરિ ) |
| | શિમોલી શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય | સ્નેહ ઠક્કર | ( રત્નદીપ ) |
| | ધ્રુમા પરીખ | ( રત્નદીપ ) |

**તબલા સ્પર્ધા : તા.૨૨-૧-૦૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | અમન ગોહિલ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | યશ શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય | જીલ શાહ | ( મેઘનાદ ) |
| | હર્ષ પારેખ | ( ગંગોત્રી ) |
| | અચ્યુત પંચાલ | ( રત્નદીપ ) |

ભૂતપૂર્વ વિદ્યાર્થી હેરત ત્રિવેદીએ નિર્ણાયક તરીકે સેવા આપી.

**નિબંધ સ્પર્ધા : તા.૫-૨-૦૪ ગુજરાતી**

| | | |
|---|---|---|
| પ્રથમ | ધવલ શાહ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | ધ્વનિ મહેતા | ( ધવલગિરિ ) |
| | ભૂમિ શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય | લેખા મહેતા | ( ધવલગિરિ ) |

**નિબંધ સ્પર્ધા તા.૫-૨-૦૪ અંગ્રેજી**

| | | |
|---|---|---|
| પ્રથમ | ઐનિશ દવે | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | આઋષિ ત્રિવેદી | ( ધવલગિરિ ) |
| તૃતીય | નિધિ ઓઝા | ( ધવલગિરિ ) |
| | શૈલજા શાહ | ( મેઘનાદ ) |

**નિબંધ સ્પર્ધા તા.૫-૨-૦૪ હિંદી**

| | | |
|---|---|---|
| પ્રથમ | હેલી વસાણી | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | અંશિની ભટ્ટ | ( મેઘનાદ ) |
| તૃતીય | ભાગ્યશ્રી દેસાઈ | ( રત્નદીપ ) |
| | હિર્વીતા શાહ | ( મેઘનાદ ) |

**સુલેખન સ્પર્ધા : તા.૧૭-૨-૦૪ ગુજરાતી**

| | | |
|---|---|---|
| પ્રથમ | વિધિ વોરા | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | ક્રેયા બારોટ | ( રત્નદીપ ) |
| તૃતીય | વિધિ ત્રિવેદી | ( મેઘનાદ ) |
| | ભૂમિ મકવાણા | ( ધવલગિરિ ) |
| | ઈશિતા શાહ | ( રત્નદીપ ) |

**સુલેખન સ્પર્ધા તા.૧૭-૨-૦૪ હિંદી**

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃતિ ત્રિવેદી | ( મેઘનાદ ) |
| દ્વિતીય | અનેરી શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | હેમલ તલાટી | ( ગંગોત્રી ) |

**સુલેખન સ્પર્ધા તા.૧૭-૨-૦૪ અંગ્રેજી**

| | | |
|---|---|---|
| પ્રથમ | રીચા પાઘડાર | ( મેઘનાદ ) |
| દ્વિતીય | ઉર્જા શાહ | ( ધવલગિરિ ) |
| તૃતીય | વિધિ શાહ | ( મેઘનાદ ) |
| | શીલ શાહ | ( ધવલગિરિ ) |

**રમતોત્સવ :** તા.૭-૨-૦૪નાં રોજ રમતોત્સવ યોજાઈ ગયો. ધો.૫-૬-૭ માટે સાંઘિક અને વ્યક્તિગત રમતોની સ્પર્ધાઓ યોજાઈ. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લીધો.ધોરણ ૧ થી ૪ના બાળકોએ પણ રમતોત્સવ નિમિત્તે યોજાયેલ રમતગમતની સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો. ધોરણ ૧ થી ૪ માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

તા.૧૬મી જાન્યુઆરી ૨૦૦૩નાં રોજ ધોરણ ૫,૬,૭ ના બાળકોને 'Ice-Age' ફીલ્મ બતાવવામાં આવી. ઓસ્કાર એવોર્ડ વિજેતા આ ફીલ્મમાં એક હીમયુગના હાથી અને માણસની વાત સરસ રીતે વણી લેવામાં આવી છે. હાથીનાં બચ્ચાને માણસો મારી નાખે છે એ જ હાથી તેનાં છોકરાને વાઘ પાસેથી બચાવે છે. કયારેક માનવ કરતાંય પ્રાણીઓમાં વધુ માનવતાં જોવા મળે છે આ કથાવસ્તુને આ ફીલ્મમાં બહુ અસરકારક રીતે ગૂંથી લેવામાં આવ્યું છે.

તા.૧૬-૨-૦૪ને સોમવારે શિશુમંદિરમાં સ્વયંશિક્ષણદિન યોજાયો. વિદ્યાર્થીઓએ ખૂબ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

## વિનયમંદિર

ઉર્જા ઉત્સવ ૨૦૦૩માં ચિ.શુભમ્ બક્ષીએ ભાગ લીધો હતો જેમાં તેનો સૂર્ય ઉર્જા અંગેનો પ્રોજેક્ટ ખૂબ પ્રશંસા પામ્યો.

તા.૨૦-૧-૦૪નાં રોજ સ્વયંશિક્ષણદિન ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સફળ રીતે શાળાનું શિક્ષણકાર્ય સંભાળ્યું. વિદ્યાર્થીઓ માટે આ અનુભવ ખૂબ સારો રહ્યો.

બાલદિન નિમિત્તે ધોરણ ૮ અને ૯ નાં વિદ્યાર્થીઓને ગુપીગાય અને બાઘાબાય સત્યજીત રોય નિર્દેશીત બંગાળી ફીલ્મ બતાવવામાં આવી. ફીલ્મ બંગાળી હોવા છતાં તેનું કથાવસ્તુ અને સંગીત બાળકોને ખૂબ ગમ્યાં.

### 'શાબાશ' - એક અમૂલ્ય શબ્દ

બાળકોને શાબાશી, પ્રશંસા અને પ્રોત્સાહનની જરૂર છે, એનાથી જ એમનું જીવન પાંગરે છે.

**રવીન્દ્રનાથ ટાગોર**

પોતાનું સંતાન આ દુનિયામાં કંઈક કરી દેખાડે એવી ઈચ્છા દરેક માબાપના મનમાં થતી હોય છે. માબાપ તરીકે આવી ઈચ્છા હોવાનું સ્વાભાવિક છે. પણ આવી ઈચ્છા સેવવાથી વાત પતી જતી નથી. આ માટે માબાપ તરીકે આપણે પણ કેટલીક વાત શીખવી પડે.

બાળક ચૈતન્યનો ફૂવારો છે. એની અંદર જે કંઈ પડયું છે તે બહાર લાવવાની એની સતત મથામણ હોય છે. દરેક ડગલે એ આ જગતને સમજવા મથે છે ને એ જગતને પોતાના તરફથી કશુંક આપવાની કોશીશ કરે છે. આ ક્ષણો જો સચવાઈ ગઈ તો બાળક એના ટચૂકડા હાથથી આકાશને બાથ ભરવાની ગુંજાશ દેખાડશે. બાળકોને માર્ગદર્શન કદાચ દરેક માબાપ ન આપી શકે પણ એને પ્રોત્સાહન તો એકેએક માબાપ આપી જ શકે. મુખ્ય વાત માર્ગદર્શનની નથી પ્રોત્સાહનની છે. દરેક ડગલે બાળકને પ્રોત્સાહિત કરવા માટે સમજ ને સહૃદયતાની જરૂર પડે છે. બાળકની વ્યક્તિતાના પ્રાગટયની એકએક ક્ષણે એને શાબાશી આપીએ. **( સંકલન )**

## અભિનંદન

વિવિધ ક્ષેત્રોમાં નીચેના વિદ્યાર્થીઓએ ગણનાપાત્ર સિધ્ધિ મેળવી છે. સૌને અભિનંદન.

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી | રોહન જે.ગોડીયાવાળા | રૂ.૨૦૦ |
| યંગ ઈન્ડીયન્સ નેશનલ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ કોમ્પીટીશન | હેત હિરેન શાહ | કાંસ્યચંદ્રક |
| ઓલ ઈન્ડીયા કેમલ કલર કોન્ટેસ્ટ | શૈલ સંજય રાવળ | મેરીટ સર્ટી. |
| | વરુણ સંજય રાવળ | મેરીટ સર્ટી. |
| | મૈત્રી એ.દલાલ | મેરીટ સર્ટી. |
| કલાસારથી આર્ટ ફાઉન્ડેશન | ઉત્સવી શાહ | ઓનરેબલ એવોર્ડ |
| | તિથિ ઠાકોર | રનર્સ અપ એવોર્ડ |
| | તત્સત્ ઠાકોર | મેરીટ સર્ટીફીકેટ |
| કોરસાલા વન્ડર આર્ટ વીલેજ | વરુણ સંજય રાવળ | દ્વિતીય |
| અંજુમન ઓલ ઈન્ડીયા ચાઈલ્ડ આર્ટ એક્ઝીબીશન | શૈલ સંજય રાવળ | કાંસ્યચંદ્રક |
| | **કરાટે** | |
| અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ ઈન્ડીયા | આત્મન ફોજદાર | બ્લેક બેલ્ટ |
| | શુભમ્ બક્ષી | બ્રાઉન - I |
| | અભિ શાહ | બ્રાઉન - I |
| | અચ્યુત પંચાલ | બ્રાઉન - II |
| | **ચેસ** | |
| ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન | સંવિત શાહ | ચોથું સ્થાન |
| | સ્વપ્નિલ શાહ | પ્રથમ સ્થાન |
| ૧૭મી નેશનલ ચેસ ચેમ્પીયનશીપ | રાજ લવિંગિયા | મેરીટ સર્ટી. |
| ન્યુ સમર્થ ચેસ ઈન્સ્ટીટીયુટ | વરુણ રાવળ | |
| | મીશા શાહ | |
| | **પ્રશ્નમંચ** | |
| ભારતવિકાસ પરીષદ | શૈલ જે. દવે | પ્રોત્સાહન ઈનામ |
| | પૌરીન જે.શાહ | પ્રોત્સાહન ઈનામ |

**સંસ્થાનું ગૌરવ :** તા.૧૬-૧-૦૪ના રોજ જી.એલ.એસનાં ઓડીટોરીયમમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના ઉપક્રમે ૨૦૦૩માં લેવાયેલ પ્રખરતા શોધ કસોટીમાં ઉજ્જવળ કારકિર્દી પામેલાં વિદ્યાર્થીઓનું સન્માન કરવા માટે એક સમારંભ યોજાયો. જેમાં શાળાની વિદ્યાર્થિની કુ.કક્ષા ભગીરથભાઈ શાહને આખાય ગુજરાતમાં બીજું સ્થાન મેળવવા બદલ પ્રશસ્તિપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે શારદામંદિર શાળાને પણ પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યું.

સંસ્થાની વિદ્યાર્થિની ચિ. ક્રિશ્રા પટેલ વિમેન્સ ક્રીકેટ એસોસીએશન ઓફ ગુજરાત તરફથી ભાવનગર આયોજીત વિમેન્સ ક્રીકેટ ચેમ્પીયનશીપમાં ભાગ લીધો હતો અને હવે તેઓ વિમેન્સ એસોસીએશનની ગુજરાતની જુનિયર ટીમના નેટ માટે પસંદગી પામ્યા છે. સંસ્થા માટે આ સમાચાર ગૌરવપ્રદ છે.

## શિક્ષક દિનનાં અનુભવો

શિક્ષણ એ ખૂબ જ અગત્યનું કાર્ય છે તથા શિક્ષક બનવું તે એક અદ્ભૂત અનુભવ છે. સોમવારે શાળામાં પગ મૂકતા જ મને પ્રથમ વિચાર આવ્યો કે "હું શિક્ષક તરીકેની મારી જવાબદારી પૂર્ણ કરી શકીશ ?" મને મારામાં પૂર્ણ વિશ્વાસ હતો કે "હું સફળ શિક્ષક તરીકે પૂરવાર થઈશ."

**નમ્રતા શુકલ**

આખા વર્ગને શાંત પાડવો એ ખૂબ કપરી વાત છે. પચાસ જણના જુદા-જુદા મગજમાં જુદી જુદી બાબતો દોડી રહી હતી અને તેથી મને શિક્ષક બન્યા બાદ જ ખ્યાલ આવ્યો કે ઘણી વાર અમારા શિક્ષક કેમ અમારી ઉપર ગુસ્સે થઈ જતા હશે ? જ્યારે બાળકો મારું માનતા ન હતા ત્યારે મને પણ ગુસ્સો આવતો હતો પરંતુ મેં દસ જ મિનિટમાં મારા વર્ગને સંભાળી લીધો. શિક્ષક થયા બાદ મને ખબર પડી કે મારા ધાર્યા કરતા શિક્ષક બનવું વધારે અઘરું છે.

**આર્જવ જોષી**

શિક્ષક બનવું એ કાંઈ સહેલી વાત નથી. વિદ્યાર્થીને મન તો શિક્ષક જે બોલે એ જ બ્રહ્મવાકય હોય છે. તેથી શિક્ષકની રીતે બેસવું, ઉઠવું, ચાલવું, બોલવું વગેરે ખૂબ જ જરૂરી છે. શિક્ષક વિદ્યાર્થીને મન બીજા માતા-પિતાની ગરજ સારે છે. આગામી જીવનમાં એક આદર્શ શિક્ષક બનવાનું વિચારી રહી છું.

**ભૂમિ શાહ**

એક વખત શિક્ષક બન્યા પછી જ ખ્યાલ આવે છે કે શિક્ષક બધી પ્રવૃત્તિઓ નિઃસ્વાર્થ ભાવે કરે છે.તેમને પદ કે પ્રતિષ્ઠાની અપેક્ષા હોતી નથી. તે કયારેય કોઈના પ્રત્યે પક્ષપાત કરતા નથી. તેમને મન તો બધા જ વિદ્યાર્થીઓ સરખા જ હોય છે. વિદ્યાર્થીના ઘડતર પાછળ શિક્ષકનો જ નિઃસ્વાર્થ મહત્વપૂર્ણ ફાળો હોય છે. એક વિદ્યાર્થીને તૈયાર કરવા માટે શિક્ષકને અથાગ પરિશ્રમ કરવો પડે છે.તદુપરાંત વર્ગમાં જતા પહેલા પણ ઘણી બધી તૈયારીઓ કરવી પડે છે. શિક્ષકે વિદ્યાર્થીના મનને સમજવું પડે છે. અને તેની ભૂલોને સમજયા પછી વિદ્યાર્થીને તેની ભૂલો માટે શાંતિથી સમજાવી અને ભૂલો સમજપૂર્વક સુધારવી પડે છે.આમ વિદ્યાર્થીની પ્રગતિમાં શિક્ષકનો ફાળો મહત્વપૂર્ણ હોય છે.નવા આવનાર શિક્ષકને અમે પણ હેરાન કરતા હતા પરંતુ હવે મેં પણ પ્રતિજ્ઞા લીધી છે કે કયારેય કોઈ શિક્ષકને હેરાન કરવા નહિ તથા તેમની સાથે ખૂબ જ સહકારપૂર્વક વર્તન કરવું જોઈએ.

**ખુશાલી શાહ**

સ્વયંશિક્ષણદિનને દિવસે મારે અંગ્રેજીના શિક્ષક બનવાનું આવ્યું. મારા મનમાં તે અંગે ઘણી ગડમથલ ચાલી. મારે ભણાવવું કે બુધ્ધિ ખીલે તેવી રમત રમાડવી ? બાળકો વર્ગમાં શિસ્ત જાળવે તે પણ જોવાનું, આ બધું ઘણું કપરું કામ હતું. એકાદ વર્ગને બાદ કરતાં લગભગ બધાં જ વિદ્યાર્થીઓએ મને સારો સાથ અને સહકાર આપ્યાં. મારા જીવનનો એ યાદગાર દિવસ બની ગયો.

**અચ્યુત પંચાલ**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : shardamandir1924@rediffmail.com